# :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યકરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.ર) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

**ક્રમાંક : એસ.બી./મહિલા મજુર/જાહેરનામું/ ૮/ર૦૧૬, પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.**

તાજેતર માં વાપી જિલ્લા - વલસાડ ખાતે બાંધકામો હેઠળ ના ઇમારત માં સુતેલા ર-મહિલા મજુરો ઉપર બળાત્કારના બનાવ બનવા પામેલ છે. સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે, બળાત્કારના ભોગ બનનાર ર-મહિલાઓ અને અન્ય મજુરોને સબંધિત મજૂર ઠેકેદાર (Labour Contractor) ધ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેના રહેણાંક ઉપલબ્ધ કરવામાં આવેલ ન હતા. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજુરો અને તેઓના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બની શકે તેવી સંભવાના રહે છે, જેથી માર્ગ અને મકાનની બાંધકામની જગ્યાઓ, ઇંટના ભઠ્ઠાઓ વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને જરૂરી સુવિધા સાથેના રહેણાંક મળી રહે અને તેઓની સુરક્ષા જળવાઇ રહે તે માટે આયોજન કરવું જરૂરી જણાય છે.

## -:: હુકમ ::-

જેથી હું સી.આર. પરમાર, (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.ર) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઇંટના ભઠ્ઠાઓ, પત્થરની ખાણ (Quarry), ખાણ (Mines) વિગેરે સ્થળોએ કામ કરતા મહિલા મજુરોને સબંધિત મજુર ઠેકેદાર (Labour Contractor) ધ્વારા પાણી, વીજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા સાથેની રહેણાંક ઉપલ્બધ કરવા ફરજીયાત રહેશે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો શિક્ષા પાત્ર ગુનો બનશે. આ જાહેરનામાં પ્રસિધ્ધિની તારીખથી દિન-૭ માં ઉપરોક્ત સવલતો ઉભી કરી દેવાની રહેશે. અને નવા શરૂ થતા એકમો એ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ કામકાજ શરૂ કરવાનુ રહેશે.

## :: અમલવારીનો સમય ::

આ હુકમ તારીખ : ૧૫/૦૧/ર૦૧૬ ક. ૦૦-૦૦ થી તારીખ : ૧૪/૦૩/ર૦૧૬ ના કલાક-ર૪:૦૦ સુધી અમલમાં રહેશે.

## :: હદ વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિંતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# -: <u>વિજ્ઞપ્તિ</u> :-

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ- ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૩/૦૧/૨૦૧૬ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(સી.આર.પરમાર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

<u>નકલ રવાના</u> :-

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રેન્જ-૨, સુરત શહેર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૩) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક અને ક્રાઇમ, રેન્જ-૧, સુરત શહેર.
(૪) કલેકટરશ્રી, સુરત શહેર.
(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૭) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૯) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ,બી,સી,ડી.ઈ,એફ,જી, કંટ્રોલરૂમ, લો એન્ડ ઓર્ડર ૧ અને ૨, ટ્રાફિક, હેડ કર્વા. સુરત શહેર.
(૧૦) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૧) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૧૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)
(૧૩) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૪) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૫) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૬) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૯) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૨૦) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, સુરત.
(૨૧) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, નાનપુરા બહુમાળી, સુરત શહેર.
(૨૨) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત સેવા સદન-૨, સુરત શહેર.
(૨૩) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત
(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)